Sunday
04.10.2026
*Volume :11 * Issue No.92
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત
વંદે માતરમ્

# કમલમ્

KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

RNI No.:GUJGUJ/2016/73451

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# રોકાણકારોને આકર્ષવાની દિશામાં ગુજરાત સરકારનું મહત્વનું પગલું



## ગુજરાતને 'ગ્લોબલ કેપેબિલિટી હબ' બનાવવા માટે ડિજિટલ ઇન્સેન્ટિવનો નવો રોડમેપ : અરજીથી ચુકવણી સુધીની પ્રક્રિયા હવે એક જ પોર્ટલ પર

કમલમ્, ગાંધીનગર,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે ગુજરાતમાં ગ્લોબલ કૅપેબિલિટી સેન્ટરના વિકાસને નવો વેગ આપવા વધુ એક મહત્ત્વપૂર્ણ પગલું ભર્યું છે. આ અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા Guja®a Global Capability Center (GCC) પૉલિસી ૨૦૨૫-૩૦ના અસરકારક અમલીકરણ માટે OpOperational Guidelines 1.0 જાહેર કરવામાં આવી છે. આ માર્ગદર્શિકા દ્વારા GCCની ઓળખ, પાત્રતા, નવા સેન્ટરની સ્થાપના, હાલના સેન્ટરના વિસ્તરણ અને વિવિધ પ્રોત્સાહક સહાય મેળવવાની પ્રક્રિયા માટે સ્પષ્ટ માળખું નક્કી કરાયું છે. મુખ્યમંત્રીશ્રીનાં માર્ગદર્શન તથા વિજ્ઞાન અને ટેક્નોલૉજી મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાનાં નેતૃત્વ હેઠળ જાહેર કરાયેલી આ માર્ગદર્શિકાની વિશેષતા એ છે કે ઈન્સેન્ટિવ માટેની અરજીથી લઈને ક્લેમની ચકાસણી અને ચુકવણી સુધીની કામગીરી એક જ ડિજિટલ પ્લેટફૉર્મ પર થશે. Directorate of ICT & e-Governance દ્વારા વિકસાવાયેલા Integrated Incentive Management Portal મારફતે ઈન્સેન્ટિવની અરજી, ક્લેમ પ્રોસેસિંગ, ચુકવણી ઉપરાંત Skill Development Courses માટે પણ અરજી કરી શકાશે. GCC પૉલિસી સંબંધિત માહિતી પણ પોર્ટલ પર ઉપલબ્ધ કરાવવામાં આવશે.

પાત્રતા નક્કી કરવા માટે સ્પષ્ટ માપદંડ

GCC માટે ઈન્સેન્ટિવની ગણતરી ક્યારથી શરૂ થશે તે નક્કી કરવા Month of Eligibilityની જોગવાઈ કરવામાં આવી છે. Commercial Operation શરૂ થવાની તારીખ, In-principle Approval અથવા Eligible Employee Count હાંસલ થવાની તારીખ—આ ત્રણમાંથી જે તારીખ સૌથી પાછળની હશે, તેને પાત્રતાનો પ્રારંભિક મહિનો ગણવામાં આવશે. આ જ સમયથી ઈન્સેન્ટિવની ચુકવણીની ગણતરી શરૂ થશે. એકમની ઓળખ માટે Parent અથવા Group Company સાથેનો સંબંધ દર્શાવતો Board Resolution, Service Level Agreement (SLA), Ownership Structure, Dailed Project Report (DPR), GST Certificate અને જરૂરી હોય ત્યાં CA દ્વારા પ્રમાણિત રોકાણની વિગતો રજૂ કરવાની રહેશે. Commercial Operation પૉલિસી Period દરમિયાન શરૂ થયેલું હોવું અનિવાર્ય છે. નવા GCC માટે Certificate of Incorporation, GST Registration, ગુજરાતમાં મિલકતના ભાડા અથવા ખરીદીના દસ્તાવેજો, GCC સ્થાપવા માટેનો Board Resolution, SLA, Employee Allocation Dails, DPR અને પ્રથમ Service Invoice સહિતના દસ્તાવેજોની જોગવાઈ છે. હાલના GCC માં નવી પ્રવૃત્તિઓ અને રોજગારી ઉમેરવા માટે પણ વિસ્તરણની મંજૂરી સંબંધિત Board Resolution, વધારાની પ્રવૃત્તિઓ માટે SLA, DPR અને જરૂરી રોકાણ તથા કર્મચારીઓની વિગતો રજૂ કરવાની રહેશે.

CAPEX-OPEX સહિત વિવિધ ખર્ચને આવરી લેતી સહાય

GCC પૉલિસી હેઠળ Eligible CAPEX Expenditure માં Building નું બાંધકામ અથવા ખરીદી, Computers, Software, Naworking Hardware અને અન્ય સંબંધિત FixedAssas ના ખર્ચનો સમાવેશ થાય છે. જમીનનો ખર્ચ તેમાં સામેલ નથી. જોકે, જમીન કે ઑફિસ સ્પેસના Lease, Sale અથવા ransfer માટે ચૂકવેલી Stamp Duty અને Regist®aion Fees તથા Captive Renewable Energy Plant માટેનાં સાધનોની ખરીદી પર થયેલો ખર્ચ પાત્ર બની શકે છે. Furniture, Fixtures, Renovation, Civil Work, Interior Designing, Electrical Fixtures, HVAC Equipment તથા GCC માટે જરૂરી અન્ય Plant અને Machineryનો ખર્ચ પણ આધારભૂત દસ્તાવેજોને આધારે ગણતરીમાં લઈ શકાય છે. નવા GCC માટે Commercial Operation શરૂ થયાની તારીખથી અને હાલના GCC ના વિસ્તરણ માટે Expansion Application ની તારીખથી બે વર્ષ સુધીનું સંબંધિત GFCI રોકાણપાત્ર ખર્ચમાં આવરી શકાય છે.

ક્લેમ માટે સમયમર્યાદા અને દસ્તાવેજી ચકાસણી

CAPEX Claim Eligible Period પૂર્ણ થયા બાદ એક વર્ષની અંદર Financial Year મુજબ રજૂ કરવાનો રહેશે. OPEXનો પ્રથમ ક્લેમ Month of Eligibilityથી શરૂ થતા અનુગામી બે Quarters માં અને ત્યારબાદના ક્લેમ દરેક આગામી Quarter પૂર્ણ થાય તે પહેલાં રજૂ કરવાના રહેશે. Special Incentive અને Quality Certification ના વાર્ષિક ક્લેમ આગામી Financial Year પૂર્ણ થાય તે પહેલાં સબમિટ કરવાના રહેશે. વિલંબના દિવસોને આધારે ઈન્સેન્ટિવની ગણતરી Pro-®aa ધોરણે કરવામાં આવશે. ક્લેમની પ્રક્રિયા માટે Certificate of Incorpo®aion, GST Registration, Board Resolution, SLA, Certified DPR, કર્મચારીઓની વિગતો, First Service Invoice, Investment Invoices, CA Certified Claim Summary તથા GFCI અને વાર્ષિક ઓપરેટિંગ ખર્ચનું CA Certificate સહિતની દસ્તાવેજી ચેકલિસ્ટ નિર્ધારિત કરાઈ છે. GCC દ્વારા Parent અથવા Group Compan અને જ સેવાઓ પૂરી પાડવામાં આવતી હોવાની બાબત પણ ચકાસવામાં આવશે.

અરજીઓની ચકાસણી દરમિયાન સત્તાધિકારી જરૂરિયાત મુજબ વધારાના દસ્તાવેજો કે સ્પષ્ટતા માગી શકશે, જે નિર્ધારિત સમયમર્યાદામાં રજૂ કરવાની રહેશે. આમ, નવી Opeaional Guidelines દ્વારા GCC પૉલિસી ૨૦૨૫-૩૦ના અમલને સ્પષ્ટ પ્રક્રિયા, ડિજિટલ સુવિધા અને દસ્તાવેજ આધારિત ચકાસણીનું માળખું મળ્યું છે, જે રાજ્યમાં નવા GCC ની સ્થાપના અને હાલના સેન્ટરના વિસ્તરણ માટે વ્યવસ્થિત માર્ગ પૂરો પાડશે.

# વાવ-થરાદ જિલ્લાનો પ્રથમ સ્થાપના દિવસ હર્ષોલ્લાસ સાથે ઉજવાયો: વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને ભવ્ય સાંસ્કૃતિક મહોત્સવ યોજાયો

## જનભાગીદારી અને સમર્પણ થકી વાવ-થરાદને દેશનો સવશ્રેષ્ઠ જિલ્લો બનાવીએ: વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી








'સરહદનો સાદ: વિકસિત વાવ-થરાદ' થીમ આધારિત સ્થાપના પર્વની ઉજવણી; પૂર્વ સાંસદ શ્રી પરબતભાઈ પટેલને 'વિશિષ્ટ સેવા પ્રતિભા એવોર્ડ' અર્પણ કરાયો

કમલમ્, થરાદ

પૂજ્ય મહાત્મા ગાંધીજીની જન્મજયંતી એટલે કે ૨જી ઑક્ટોબર, ૨૦૨૬ના પાવન અવસરે નવરચિત વાવ-થરાદ જિલ્લાની સ્થાપનાનું સફળતાપૂર્વક એક વર્ષ પૂર્ણ થતાં થરાદ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને અને રાજ્યમંત્રી શ્રી સ્વરૂપજી ઠાકોરની વિશેષ ઉપસ્થિતિમાં આયોજિત આ સમારોહમાં સમગ્ર સરહદી પંથક ગૌરવ અને ઉત્સાહના રંગે રંગાયો હતો.

થરાદ શહેરમાં આ ઐતિહાસિક દિવસની ખુશીમાં ઠેર ઠેર આતશબાજી અને રોશની કરવામાં આવી હતી. આ ગરિમાપૂર્ણ અવસરે પૂર્વ સાંસદ શ્રી પરબતભાઈ પટેલને સામાજિક અને રાજકીય ક્ષેત્રે પ્રદાન બદલ 'વિશિષ્ટ સેવા પ્રતિભા એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો હતો, જ્યારે જીપીએસસીના સભ્ય અને પૂર્વ કલેક્ટર શ્રી મયુર મહેતાનું વિશેષ બહુમાન કરાયું હતું. આ ઉપરાંત વિવિધ ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન કરનાર નાગરિકો અને તેજસ્વી વિદ્યાર્થીઓને 'જિલ્લા ગરિમા પુરસ્કાર' એનાયત કરી પ્રોત્સાહિત કરાયા હતા. આ પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, વાવ-થરાદ જિલ્લાના પ્રથમ સ્થાપના દિવસને વહીવટી તંત્રની સાથે સમગ્ર પ્રજાજનોએ પોતાના ઘરના ઉત્સવ તરીકે વધાવીને સાચા અર્થમાં 'જનભાગીદારી થકી વિકાસ'ના સંકલ્પને સાકાર કર્યો છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રચાયેલા આ સરહદી જિલ્લાએ માત્ર એક જ વર્ષના ટૂંકા ગાળામાં તમામ સરકારી કચેરીઓ કાર્યરત કરીને વહીવટી ક્ષમતા સાબિત કરી છે. અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે, સમાજ માટે નિસ્વાર્થ કાર્ય કરનારા અગ્રણીઓ, મહિલાઓ અને યુવા પ્રતિભાઓનું દર વર્ષે સ્થાપના દિને સન્માન કરવાની નવી પરંપરા શરૂ કરાઈ છે, જે આવનારી પેઢીઓમાં સદ્ગુણો અને કર્તવ્યનિષ્ઠાનું સિંચન કરશે. વધુમાં, તેમણે મલુપુર ખાતે આકાર લઈ રહેલા અત્યાધુનિક જિલ્લા સેવા સદન અને વહીવટી સંકુલનો ઉલ્લેખ કરી જિલ્લાના સર્વાંગી માળખાકીય વિકાસની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. અધ્યક્ષશ્રી શંકરભાઈએ વાવ-થરાદને દેશનો સવર્શ્રેષ્ઠ જિલ્લો બનાવવા સામૂહિક સંકલ્પ લેવા આહ્વાન કરતાં જણાવ્યું કે, વિકાસ માત્ર ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી નહીં, પરંતુ 'હાર્વેસ્ટિંગ હેપીનેસ' એટલે કે સુખના વાવેતરથી પરિપૂર્ણ થાય છે. આ માટે સ્વચ્છતાને સંસ્કાર બનાવવી, વૃક્ષારોપણ થકી સમગ્ર જિલ્લાને હરિયાળો બનાવવો અને વરસાદી પાણીના ટીપે-ટીપાંને ભૂગર્ભમાં ઉતારવા જેવા સંકલ્પો પ્રજાએ ઉપાડવા પડશે. બનાસ ડેરીની ઐતિહાસિક ક્રાંતિનું ઉદાહરણ આપતાં તેમણે કહ્યું કે, જે રીતે બનાસવાસીઓએ પરિશ્રમ થકી ડેરીની માસિક આવક ૨૦ કરોડથી વધારીને ૧૪૫૦ કરોડ રૂપિયા સુધી પહોંચાડી છે, તેવી જ રીતે રણકાંઠાના આ વિસ્તારમાં અખૂટ સૌરઊર્જાના ઉપયોગ થકી ખેડૂતો વીજ ઉત્પાદન કરી સમૃદ્ધ બની શકે છે. નડાબેટ નડેશ્વરી માતાજી અને ધરણીધર ભગવાન સહિતના ધાર્મિક સ્થાનોને પ્રવાસન-આધ્યાત્મિક કેન્દ્રો તરીકે વિકસાવીને સરહદી પંથકને દેશનો અગ્રેસર જિલ્લો બનાવવા તેમણે સહિયારા પુરુષાર્થની હાકલ કરી હતી. આ પ્રસંગે રાજ્યમંત્રી શ્રી સ્વરૂપજી ઠાકોરે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રજાલક્ષી સરકારે વાવ-થરાદ જિલ્લાની વર્ષો જૂની માંગણી સંતોષીને પ્રજાજનોનું સપનું સાકાર કર્યું છે.

વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીના માર્ગદર્શન અને અથાક પ્રયાસોથી માત્ર ૧૨ મહિનાના સમયગાળામાં થરાદ અને સમગ્ર સરહદી પંથકની કાયાપલટ થઈ છે, જેનો સાક્ષાત્કાર આજે સૌને થઈ રહ્યો છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, વહીવટી તંત્ર અને પ્રજાજનોના પરસ્પર સહયોગથી વાવ-થરાદ જિલ્લો સમગ્ર ગુજરાતમાં સવર્શ્રેષ્ઠ અને આદર્શ જિલ્લો બનશે. આ પ્રસંગે જિલ્લાની એક વર્ષની પ્રગતિ અને વિકાસગાથા રજૂ કરતી દસ્તાવેજી ફિલ્મનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું, જેને ઉપસ્થિત જનમેદનીએ ઉત્સાહભેર બિરદાવી હતી. આ સાંસ્કૃતિક સંધ્યામાં ખ્યાતનામ લોકસાહિત્યકાર શ્રી રાજભા ગઢવી, શ્રી શ્રવણ સોઢા તેમજ લોકગાયિકા દેવિકાબેન રબારી સહિતના કલાકારોએ પ્રદેશની સમૃદ્ધ લોકસંસ્કૃતિ અને દેશભક્તિના સૂર રેલાવી ઉપસ્થિત શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા.

કાર્યક્રમના પ્રારંભમાં ઈન્ચાર્જ જિલ્લા કલેક્ટર શ્રી કલ્પેશકુમાર શર્માએ સ્વાગત પ્રવચન કરી સૌ મહાનુભાવોને આવકાર્યા હતા. આ પ્રસંગે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી રત્નીબેન, દિયોદરના ધારાસભ્ય શ્રી કેશાજી ચૌહાણ, પૂર્વ સાંસદ શ્રી પરબતભાઈ પટેલ, જી.પી.એસ.સી.ના સભ્ય શ્રી મયુર મહેતા, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી ચિંતન તેરૈયા સહિત વિવિધ પંચાયતોના ચૂંટાયેલા પદાધિકારીઓ, ઉચ્ચ અધિકારીઓ તેમજ વિશાળ સંખ્યામાં જિલ્લાવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સરહદી પંથકના પ્રજાજનોના સહિયારા પુરુષાર્થથી વાવ-થરાદ જિલ્લો વિકાસના નવા સીમાચિહ્નો સર કરશે:- અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી

## વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં થરાદથી ઢીમા સુધી ભવ્ય સાયક્લોથોન યોજાઈ







કમલમ્, થરાદ

પૂજ્ય મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ એટલે કે ૨જી ઑક્ટોબર, ૨૦૨૬ના પાવન અવસરે નવરચિત વાવ-થરાદ જિલ્લાની સ્થાપનાને સફળતાપૂર્વક એક વર્ષ પૂર્ણ થયું છે. દેશના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'છેવાડાના વિસ્તારોના સર્વાંગી વિકાસ' અને સરહદી પંથકને વિકાસની મુખ્યધારામાં લાવવાના વિઝનને સાકાર કરતાં, ૨ ઑક્ટોબર, ૨૦૨૫ના રોજ અસ્તિત્વમાં આવેલા આ સરહદી જિલ્લાએ પોતાના પ્રથમ જ વર્ષમાં સુશાસન ક્ષેત્રે નવી ઊંચાઈઓ સર કરી છે.

આ ગૌરવવંતી ઉજવણીના મુખ્ય આકર્ષણ તરીકે વહેલી સવારે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને 'રન ફોર વાવ-થરાદ' અભિયાન અંતર્ગત વિશાળ સાયક્લોથોન રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાયકલ રેલીને થરાદના ગૌમાતા ચાર રસ્તા ખાતેથી અધ્યક્ષશ્રી તેમજ મહાનુભાવો દ્વારા પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. ૧૫ કિલોમીટર લાંબી આ સાયક્લોથોન થરાદથી શરૂ થઈ પવિત્ર યાત્રાધામ ઢીમા ખાતે આવેલા શ્રી ધરણીધર ભગવાનના મંદિર પરિસરે સંપન્ન થઈ હતી.

સમગ્ર માર્ગ પર નાગરિકો દ્વારા ઉત્સાહભેર સ્વાગત કરવામાં આવ્યું હતું અને આ યાત્રા થકી વિકાસ, સ્વાસ્થ્ય, પર્યાવરણ સંરક્ષણ અને એકતાનો પ્રેરક સંદેશ પ્રસરાવવામાં આવ્યો હતો. ખુદ વિધાનસભા અધ્યક્ષશ્રીએ ૧૫ કિલોમીટર સુધી સાયકલ ચલાવીને સહભાગીઓ અને યુવાનોનો ઉત્સાહ બમણો કર્યો હતો. સરહદી ગામોને દેશના 'પ્રથમ ગામ' ગણી છેવાડાના માનવી સુધી તમામ સરકારી સેવાઓ અને કલ્યાણકારી યોજનાઓ પહોંચાડવાની પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી વહીવટી સરળતાનો નવો યુગ શરૂ થયો છે.

સ્થાનિક પ્રજાજનોની વર્ષો જૂની આકાંક્ષાઓ સાકાર થયાના આ ઐતિહાસિક પર્વને સમગ્ર જિલ્લામાં ઉત્સાહ, ઉમંગ અને ગૌરવપૂર્ણ માહોલમાં વધાવવામાં આવ્યો હતો. આ પ્રથમ સ્થાપના દિવસને યાદગાર બનાવવા માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા જનભાગીદારી સાથે પ્રેરણાદાયી કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ જિલ્લાવાસીઓને પ્રથમ સ્થાપના દિવસની હાર્દિક શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે, "વાવ-થરાદ જિલ્લો બનવાથી આ સરહદી વિસ્તારમાં વહીવટી પ્રક્રિયાઓ ઝડપી બની છે અને છેવાડાના ગામડાઓ સુધી સરકારી યોજનાઓનો લાભ પહોંચ્યો છે. પ્રથમ વર્ષ હંમેશા પાયાની સુવિધાઓ અને સંગઠનનું વર્ષ હોય છે, જેમાં જિલ્લા વહીવટી તંત્ર અને પ્રજાજનોએ અદ્ભુત સહયોગ દર્શાવ્યો છે. એક વર્ષના ટૂંકા ગાળામાં મોટાભાગની સરકારી કચેરીઓ કાર્યરત થતા રાજ્ય સરકાર અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો. અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું કે, નર્મદાના નીર, આધુનિક કૃષિ, પશુપાલન અને સરહદી પ્રવાસન ક્ષેત્રે વાવ-થરાદ જિલ્લો આગામી દિવસોમાં સમગ્ર રાજ્યમાં અગ્રેસર બનશે." તેમણે નાગરિકોને પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત રહેવા અને પર્યાવરણના જતન માટે વૃક્ષારોપણ તેમજ સ્વચ્છતાને દિનચર્યાનો ભાગ બનાવવા અનુરોધ કર્યો હતો.

આ સાયક્લોથોન કાર્યક્રમમાં ઈન્ચાર્જ જિલ્લા કલેક્ટરશ્રી કલ્પેશકુમાર શર્મા, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી ચિંતન તેરૈયા સહિત વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ, પોલીસ જવાનો, વિવિધ સામાજિક-રાજકીય અગ્રણીઓ, યુવા સાયકલિંગ ક્લબના સભ્યો અને બહોળી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના અંતે યાત્રાધામ ઢીમા ખાતે શ્રી ધરણીધર ભગવાનના દર્શન કરી જિલ્લાની સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરવામાં આવી હતી.

